# ગુજરાત હાઈકોર્ટે CBDT સામે લાલ આંખ કરવી પડી

**11 વર્ષથી** નિર્દેશોનું પાલન ન કરવા બદલ ઠપકો આપ્યો

**સુધારાત્મક** પગલાં સાથે સોગંદનામું દાખલ કરવાનો આદેશ

**કર પ્રબંધન મૂળભૂત માળખું પૂરું પાડવામાં નિષ્ફળ: CAAS**

સુરત: CAAS પ્રમુખ CA હાર્દિક કાકડિયાએ જણાવ્યું કે આ અરજી ક્યારેય ફક્ત ડ્યૂ ડેટ વધારવા માટે નહોતી. આ પ્રણાલી કૃત જવાબદારી વિશે છે. દાયકાથી વધુ સમયથી કર પ્રબંધન સમયસર મૂળભૂત માળખું પૂરું પાડવામાં નિષ્ફળ રહ્યું છે અને કરદાતાઓ તથા વ્યાવસાયિકો તેનો ભાર સહન કરી રહ્યા છે. આજનો આદેશ અમારા વલણને સમર્થન આપે છે કે આ એક સતત ભૂલ છે જેમાં ન્યાયિક હસ્તક્ષેપ જરૂરી છે.આથી આવકવેરા પોર્ટલની કામગીરીમાં સ્થાયી સુધારો થશે.

સુરત : ગુજરાત હાઈકોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) દ્વારા દાયકાથી વધુ સમય પહેલા આપવામાં આવેલા ન્યાયિક નિર્દેશોનું સતત પાલન ન કરવા બાબતે ગંભીર નોંધ લીધી છે અને પ્રતિસાદી વિભાગને આવકવેરા ઈ-ફાઈલીગ પોર્ટલમાં રહેલી પ્રણાલી કૃત સમસ્યાઓના ઉકેલ માટે ચોક્કસ પગલાં સૂચવતા સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપ્યો છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન, સુરત (CAAS), પ્રમુખ CA હાર્દિક કાકડિયાએ જણાવ્યું હતું કે એડવોકેટ ડો. અવિનાશ પોડદાર સાથે મળીને વિશેષ સિવિલ અરજી દાખલ કરી હતી, જેમાં ITR ફોર્મ અને utilities મોડા જાહેર થવા, સતત પોર્ટલ ગડબડીઓના કારણે અનુપાલન મુશ્કેલ થવું, કાયદા દ્વારા સમર્થિત ન હોય તેવી મનમાની પ્રી-ફાઈલિંગ વેલિડેશન્સ, અને પોર્ટલ નિષ્ફળતાના કારણે અનુપાલન ન કરી શકનાર કરદાતાઓ પર ખોટી રીતે વ્યાજ લાદવું સહિતનાં મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ એ.એસ. સુપેહિયાએ પીઠ તરફથી નોંધ્યું કે અરજદારે પ્રતિસાદી વિભાગની કામગીરી અને આ ન્યાયાલયના આદેશોના પાલનના અભાવ તથા પોર્ટલની યોગ્ય ટેક્નિકલ મોનીટરીંગ ના અભાવને કારણે ઊભી થયેલી મુશ્કેલીઓ સંબંધિત અત્યંત ગંભીર મુદ્દાઓ ઉઠાવ્યા છે. ન્યાયાલયે CBDT ને આગામી સુનાવણીની તારીખ પહેલાં સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

# CBSE : OECMS પોર્ટલમાં 13મી સુધી ભૂલ સુધારાશે

**બોર્ડ** પરીક્ષા 2026 માટે કેન્દ્રોની માહિતી ચકાસવા સૂચના

**ખોટી** એન્ટ્રીને કારણે ચૂકવણીમાં સમસ્યા ટાળવા મહત્ત્વપૂર્ણ નિર્ણય

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા પરીક્ષા કેન્દ્ર તરીકે નિર્ધારિત તમામ શાળાઓના પ્રિન્સિપાલ અને સેન્ટર સુપરિન્ટેન્ડન્ટને OECMS (ઓનલાઈન એક્ઝામિનેશન સેન્ટર મેનેજમેન્ટ સિસ્ટમ) પોર્ટલમાં નોંધાયેલી માહિતીની ચકાસણી અને સુધારા કરવા માટે સમયમર્યાદા આપવામાં આવી છે.

CBSE દ્વારા જણાવાયું છે કે બોર્ડ પરીક્ષા 2026 પૂર્ણ થયા બાદ પરીક્ષા કેન્દ્રોને અંતિમ ચૂકવણી કરવા માટે ઈન્ટીગ્રેટેડ પેમેન્ટ સિસ્ટમ (IPS) શરૂ કરવામાં આવશે. આ સિસ્ટમમાં ચુકવણી માટે જરૂરી માહિતી જેમ કે ફરજ પર મુકાયેલા સ્ટાફ, હાજર અને ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા, ઉપયોગમાં લેવાયેલા રૂમોની સંખ્યા વગેરે સીધી OECMS પોર્ટલમાંથી લેવામાં આવશે. ગત વર્ષોમાં ઘણા કેન્દ્રો દ્વારા ખોટી માહિતી દાખલ કરવાના કે કોઈ દિવસની માહિતી અધૂરી રાખવાના કારણે IPSમાં ખોટા ક્લેમ નોંધાયા હતા, જેના કારણે ચૂકવણીમાં વિલંબ અથવા તકલીફો સર્જાઈ હતી. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને CBSEએ તમામ પરીક્ષા કેન્દ્રોને પોતાની માહિતી ચકાસવા અને જરૂર હોય ત્યાં સુધારા કરવા સૂચના આપી છે. CBSE અનુસાર, કોઈપણ પ્રકારની ભૂલ સુધારવા માટે સંબંધિત રીજનલ ઓફિસને 11 એપ્રિલ, 2026 સુધીમાં વિનંતી કરવી ફરજિયાત છે. તેમજ, તમામ સુધારા અને બાકી માહિતી 13 એપ્રિલ, 2026 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. આ સમયમર્યાદા બાદ કોઈપણ કેન્દ્રની વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.

# આપના મોટા ગજાના નેતા રાજુ કરપડાએ કેસરિયો ધારણ કર્યો

**ચૂંટણી** પહેલાં સૌરાષ્ટ્રમાં આપને મોટો ઝાટકો

ગાંધીનગર : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ જામી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્રના રાજકારણમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. આમ આદમી પાર્ટી (AAP)ના પૂર્વ કદાવર ખેડૂત નેતા રાજુ કરપડા આજે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે.

ગાંધીનગર સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આપના પૂર્વ અગ્રણી રાજુ કરપડા પોતાના સેંકડો સમર્થકો સાથે તેમણે કેસરિયો ખેસ પહેર્યો હતો.

ફેબ્રુઆરી મહિનામાં જ્યારે રાજુ કરપડાએ AAP સાથે છેડો ફાડ્યો ત્યારે જ અટકળો તેજ બની હતી. શરૂઆતમાં તેઓ કોંગ્રેસમાં જશે તેવી ચર્ચાઓ હતી, પરંતુ આખરે તેમણે ભાજપની વિકાસની રાજનીતિ પર પસંદગી ઉતારી છે. ભાજપ પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવેએ તેમને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

કેસરિયો ધારણ કર્યા બાદ રાજુ કરપડાએ જણાવ્યું હતું કે, હું 2017-18થી ખેડૂતોના હક માટે લડું છું. 2021માં એક સ્વપ્ન સાથે રાજકીય પાર્ટીમાં જોડાયો હતો કે ખેડૂતોનો અવાજ બુલંદ કરી શકીશ. પરંતુ જેલમાં રહ્યા બાદ મંથન કરતાં મને સમજાયું કે જો ખરેખર ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા હોય અને ખેતર સુધી પાણી પહોંચાડવું હોય, તો સરકાર સાથે રહીને જ તે શક્ય છે.

કરપડાએ ભાજપ સરકારના રૂ.25 હજાર કરોડના ઐતિહાસિક રાહત પેકેજ અને ખેડૂતોના ખાતામાં સીધી સહાય આપવાના અભિગમના પણ વખાણ કર્યા હતા.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ મળશે કે કેમ તેવા પ્રશ્ન પર કરપડાએ સ્પષ્ટતા કરી હતી કે, હું ટિકિટની લાઈનમાં ક્યારેય નહોતો. હવે હું ભાજપનો એક વફાદાર સૈનિક છું, ટિકિટનો નિર્ણય પક્ષ કરશે. મારું લક્ષ્ય માત્ર ખેડૂત કલ્યાણ છે.

રાજુ કરપડાની સાથે વિવિધ સમાજના અગ્રણીઓ અને 50થી વધુ મુખ્ય સમર્થકો પણ ભાજપમાં જોડાતા સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં ભાજપની પકડ વધુ મજબૂત થવાની શક્યતા છે. આ પ્રસંગે ભાજપના

પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવે, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફીયા, ભરત બોઘરા ,પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. અનિલભાઈ પટેલ અને પ્રશાંત વાળા પણ ઉપસ્થિત રહયા હતા.

**ચાંદખેડામાં ઢોસો ખાવાથી શંકાસ્પદ મૃત્યુનો મામલો**

# FSL રિપોર્ટમાં ઢોસાના ખીરામાં ઝેરી પદાર્થની હાજરી મળી

**હત્યા** કે આત્મહત્યાની દિશામાં પણ તપાસ

અમદાવાદ : અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ઢોસો ખાવાથી બે માસૂમ બાળકીના શંકાસ્પદ મોત મામલે મોટો વળાંક આવ્યો છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના પ્રાથમિક રિપોર્ટમાં ઝેરી પદાર્થની હાજરી સામે આવતા હવે પોલીસની તપાસ હત્યા કે સામુહિક આત્મહત્યાની દિશામાં તપાસ શરૂ કરી છે.

આ અંગે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ચાંદખેડાની મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ અને તેમની પત્ની ભાવના પ્રજાપતિએ ઘનશ્યામ ડેરીમાંથી ઢોસાનું ખીરું લાવી, તેમાંથી બનેલા ઢોસા પરિવારના તમામ સભ્યોએ લીધા હતા. ભોજન બાદ અચાનક તમામની તબિયત બગડી ગઈ હતી, જેમાં 3 મહિનાની રાહા અને 4 વર્ષની મીશ્રી નામની બાળકીનું મોત થયું હતું, જ્યારે માતા-પિતા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પ્રાથમિક તપાસમાં ડેરીમાંથી લાવવામાં આવેલા ખીરાને કારણે ફૂડ પોઈઝનિંગ થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ તપાસ દરમિયાન ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. વિમલભાઈ અને ભાવના પ્રજાપતિના બ્લડ સેમ્પલના FSL રિપોર્ટમાં એલ્યુમિનિયમ ફોસ્ફેટ જેવા ઝેરી પદાર્થની હાજરી જણાઈ છે. આ દવા સામાન્ય રીતે અનાજમાં જીવાતો રોકવા માટે ઉપયોગમાં લેવાય છે. તપાસમાં જાણવા મળ્યું છે કે થોડા દિવસો પહેલા વિમલ પ્રજાપતિ આવી જ દવા ઘઉં માટે લાવ્યા હતા. તેથી હવે પોલીસ આ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ ઝેરી પદાર્થ ખોરાકમાં ભળ્યો હતો કે અન્ય કોઈ રીતે તેનો ઉપયોગ થયો હતો.

**ચૂંટણી ટાણે જ ગુજરાતમાં મોટો રાજકીય વિસ્ફોટ**

# ચૂંટણી રોકવા બાંભણિયા સુપ્રીમમાં

**27%** અનામતને વડી અદાલતમાં પડકાર





**શા માટે આ અરજી મહત્ત્વની છે ?**

- ચૂંટણી પર જોખમ: મતદાનના ગણતરીના દિવસો બાકી છે ત્યારે સ્ટે આવે તો કરોડોનો ખર્ચ અને તૈયારીઓ એળે જઈ શકે.
- અનામતનો મુદ્દો: 27% અનામતને પડકારવાથી રાજ્યના સામાજિક સમીકરણો પર મોટી અસર પડી શકે છે.
- ન્યાયિક વળાંક: ચીફ જસ્ટિસની બેન્ચ આ મામલે શું વલણ અપનાવે છે તેના પર સમગ્ર ગુજરાતની મીટ મંડાયેલી છે.

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે અને ઉમેદવારોના નામ જાહેર થઈ રહ્યા છે, ત્યારે જ એક એવો ટ્વિસ્ટ આવ્યો છે જે આખી ચૂંટણી પ્રક્રિયાને અટકાવી શકે છે. પાટીદાર આંદોલનના અગ્રણી નેતા દિનેશ બાંભણિયાએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. આ અરજીએ રાજ્યના રાજકીય આલમમાં ભારે હલચલ મચાવી દીધી છે. આવતીકાલે દેશની સર્વોચ્ચ અદાલત ગુજરાતની આ ચૂંટણીને ગ્રીન સિગ્નલ આપે છે કે પછી બ્રેક મારે છે ! રાજયમાં આગામી તા.26 મી એપ્રિલના રોજ મતદાન અને 28 મી એપ્રિલના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે.

દિનેશ બાંભણિયાએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં માત્ર ચૂંટણી રોકવાની જ નહીં, પરંતુ રાજ્યમાં અમલી 27 ટકા ઓબીસી (OBC) અનામત નીતિને પણ પડકારી છે. તેમનો દાવો છે કે વર્તમાન અનામત વ્યવસ્થા સમાનતા અને ન્યાયના સિદ્ધાંતો સાથે સુસંગત નથી, તેથી તેની નવેસરથી સમીક્ષા થવી અનિવાર્ય છે.

દિનેશ બાંભણિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજની હાલની ચૂંટણી રોકવા અને અનામત નીતિને પડકારતી મારી અરજી પર આવતીકાલે ૧૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાની ચીફ કોર્ટ માં સુનાવણી હાથ ધરાશે.

રાજકીય ગણિતો બગડવાની ભીતિ આવતીકાલે દેશની સર્વોચ્ચ અદાલત ગુજરાતની આ ચૂંટણીને ગ્રીન સિગ્નલ આપે છે કે પછી બ્રેક મારે છે !તેના પર સૌની નજર છે. 27 ટકા અનામતની નીતિ ગુજરાતમાં લાંબા સમયથી અમલમાં છે અને તે વિવિધ વર્ગોના પ્રતિનિધિત્વ માટે મહત્વની મનાય છે. પરંતુ બાંભણિયાની આ કાનૂની લડાઈએ અનામતના મુદ્દે રાજ્યમાં ફરીથી સામાજિક મંથન અને રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર શરૂ કરી દીધો છે.

# LPGના નિયમોમાં સુધારાથી ઔદ્યોગિક એકમોને લાભ

**સરેરાશ** વપરાશના ૭૦% સુધી બલ્ક LPG મેળવી શકશે

**ક્યા ઉદ્યોગોને થશે સીધો ફાયદો?**

- ફાર્મા અને ફૂડ પ્રોસેસિંગ
- સિરામિક, ગ્લાસ અને સ્ટીલ
- પોલિમર, પેકેજિંગ અને પેઇન્ટ
- કૃષિ અને એરોસોલ એકમો

નવી જોગવાઈઓ અને મર્યાદા

ગાંધીનગર : ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા અને ગેસ પુરવઠાની વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પરામર્શમાં રહીને ઔદ્યોગિક એકમો માટે બલ્ક બિન-ઘરેલું LPG ના નિયમોમાં મોટા સુધારા જાહેર કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ, આ એકમો માર્ચ ૨૦૨૬ પહેલાના તેમના સરેરાશ વપરાશ સ્તરના ૭૦% સુધી બલ્ક LPG મેળવી શકશે. સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્ર માટે પુરવઠાની કુલ મર્યાદા ૦.૨ TMT/દિવસ નિર્ધારિત કરવામાં આવી છે.

ફાળવણી માટેની મુખ્ય શરતો એવા એકમોને પહેલી પસંદગી આપવામાં આવશે જ્યાં ઉત્પાદન પ્રક્રિયામાં LPG અનિવાર્ય છે અને કુદરતી ગેસ (PNG) તેનો વિકલ્પ બની શકે તેમ નથી.

સુવિધા મેળવવા ઈચ્છતા એકમોએ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપની (OMC) પાસે નોંધણી કરાવવી ફરજિયાત છે. એકમોએ PNG કનેક્શન માટે અરજી કરેલી હોવી જોઈએ, જોકે ઉત્પાદન પ્રક્રિયામાં LPG અનિવાર્ય હોય તેવા કિસ્સામાં આ શરતમાંથી મુક્તિ મળી શકે છે.

# યુદ્ધને લીધે 174 અબજ ડોલરનો દેશનો કાપડ ઉદ્યોગ સંકટની કગારે

**કાચા** માલના ભાવમાં તેજી, નિકાસમાં ઘટાડો અને મજૂરોના સ્થળાંતરથી એપ્રિલમાં મોટા સંકટની શક્યતા

સુરતઃ ભારતનો આશરે 174 અબજ ડોલરનો ટેક્સટાઈલ ઉદ્યોગ હાલમાં ગંભીર સંકટનો સામનો કરી રહ્યો છે. વેસ્ટ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે કાચા માલના ખર્ચમાં ભારે વધારો, વૈશ્વિક માંગમાં ઘટાડો અને સપ્લાય ચેઈનના વિક્ષેપથી સમગ્ર ઉદ્યોગ પર દબાણ વધ્યું છે. ટેક્સટાઈલમાં વિવિંગ, વોર્પ નીટિંગ, એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં લોનથી આધુનિક મશીનરી ખરીદનારાં એકમોને બેંક લોનના હપ્તા ચૂકવવાનું અને વ્યાજ ભરવું મુશ્કેલ પડી રહ્યું છે. તેઓ વ્યાજ માફી અને બેંકોના હપ્તા માટે મોરેટોરિયમ પિરિયડ આપવા માંગ કરી રહ્યા છે. સુરત, તિરુપુર, પાલી, ભીવંડી, માલેગામ, લુધિયાણા, કોઈમ્બતુર સહિતની ટેક્સટાઈલ સિટીનો અભ્યાસ રિપોર્ટ કહે છે કે, એપ્રિલ મહિનો આ ઉદ્યોગ માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે. યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી નોંધાઈ છે, જેના સીધા અસર રૂપે પોલિએસ્ટર, નાયલોન જેવા મેનમેડ ફાઈબરના ખર્ચમાં વધારો થયો છે. આ સાથે જ કાચા માલના વધતા ખર્ચે ઉત્પાદકોની માર્જિન પર મોટો પ્રહાર કર્યો છે.

ટેક્સટાઈલ ઉદ્યોગ માટે વેસ્ટ એશિયા એક મહત્ત્વપૂર્ણ નિકાસ બજાર અને ટ્રાન્ઝિટ હબ છે. હાલના સંજોગોમાં આ વિસ્તારમાં નિકાસ લગભગ ઠપ્પ થઈ ગઈ છે. જેના કારણે ઓર્ડરમાં ઘટાડો નોંધાયો છે. કેટલાક અંદાજ મુજબ 50 ટકા કરતાં વધુ નિકાસ પર અસર પડી શકે છે.

સુરત જેવા મુખ્ય ટેક્સટાઈલ હબમાં પણ આ સંકટની સીધી અસર જોવા મળી રહી છે. ઉત્પાદન ઘટાડવામાં આવી રહ્યું છે અને ઘણાં યુનિટ્સ ખર્ચ ઘટાડવા માટે ઉત્પાદન કાપી રહ્યાં છે. ઉદ્યોગકારો માટે વધતા ખર્ચ અને ઘટતી માંગ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. ઉપરાંત મજૂરોનું સ્થળાંતર પણ ઉદ્યોગ માટે ચિંતાનો વિષય બન્યું છે. કોરોના સમયગાળા જેવી સ્થિતિ ફરી સર્જાઈ રહી છે, જ્યાં મજૂરો અન્ય વિસ્તારોમાં જઈ રહ્યા છે, જેના કારણે ઉત્પાદન ક્ષમતા પર અસર પડી રહી છે.

વિશેષજ્ઞો માને છે કે, હાલની પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે નવાં નિકાસ બજારો શોધવા, આંતરિક બજારને મજબૂત બનાવવા અને સરકાર તરફથી નીતિગત સહાય જરૂરી બનશે.

આમ, વધતા ખર્ચ, ઘટતી માંગ અને વૈશ્વિક અનિશ્ચિતતાની વચ્ચે ભારતનો ટેક્સટાઈલ ઉદ્યોગ એક ગંભીર પડકાર સામે ઊભો છે અને આગામી સમયગાળો તેની દિશા નક્કી કરશે. લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં પણ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. શિપિંગ ખર્ચમાં 400 ટકા સુધીનો વધારો નોંધાયો છે. જ્યારે ડિલિવરીમાં લાંબા વિલંબને કારણે વેપારીઓને નાણાકીય દબાણનો સામનો કરવો પડી રહ્યો છે.

# ચૂંટણીને લીધે ટ્રાન્સફર કેમ્પ અને ઓનલાઈન પ્રક્રિયા સ્થગિત

**શિક્ષકોએ** બઢતી અને બદલી પ્રક્રિયા માટે શિક્ષકોને વધુ રાહ જોવી પડશે

**વહીવટી** અને શૈક્ષણિક વ્યવસ્થામાં ખલેલ પહોંચે તેવી શક્યતા હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો

સુરતઃ રાજ્યમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને પગલે શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. ચૂંટણી કામગીરીને પ્રાથમિકતા આપતા દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં પ્રાથમિક શિક્ષકો માટેની બદલી પ્રક્રિયા તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી છે. જેના કારણે બઢતી અને બદલીની રાહ જોતા કર્મચારીઓએ વધુ રાહ જોવી પડશે.

શિક્ષણ નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર પરિપત્ર મુજબ, હાલ ચાલી રહેલી ઓનલાઈન અરજી પ્રક્રિયા, ટ્રાન્સફર કેમ્પ તેમજ ઓફલાઈન કાર્યવાહી તમામને મોકુફ રાખવા જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે. સાથે જ વહીવટી વિભાજન સંબંધિત કામગીરી પણ નવા શિડયુલ જાહેર ન થાય ત્યાં સુધી અટકાવવામાં આવી છે. સુરત સહિતના જિલ્લાઓમાં ઘણા શિક્ષકો લાંબા સમયથી પોતાની વતન નજીક બદલી માટે રાહ જોઈ રહ્યા હતા.

ખાસ કરીને પરપ્રાંતીય શિક્ષકોમાં નિરાશા જોવા મળી રહી છે, કારણ કે તેઓને હવે વધુ સમય સુધી હાલની જગ્યાએ જ સેવા આપવી પડશે. સૂત્રો મુજબ, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ શિક્ષણ વિભાગ નવી તારીખો જાહેર કરશે. અંદાજે મે-જૂન દરમિયાન ફરીથી બદલી પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે. ચૂંટણી દરમિયાન મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓની ફરજ લાગતી હોવાને કારણે જો આ સમયમાં બદલી પ્રક્રિયા ચાલુ રાખવામાં આવે તો વહીવટી અને શૈક્ષણિક વ્યવસ્થામાં ખલેલ પહોંચે તેવી શક્યતા હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

# સુરતની હવાઈ સેવાઓ પર પ્રશ્નચિહ્ન, પ્રાથમિકતા ન મળતાં વિકાસમાં બ્રેક?

**ડિમાન્ડ** હોવા છતાં મર્યાદિત ફ્લાઈટ્સ–સંકલનનો અભાવ કે વ્યૂહરચનાની ખામી? ઈન્ડિગોને પેસેન્જર મળે છે, એર ઇન્ડિયા એક્સપ્રેસને કેમ નહીં?

**સુરતથી** ખૂબ ઓછી વસતીવાળા લુધિયાણાથી દિલ્હીની ડેઇલી ફ્લાઇટમાં એર ઇન્ડિયાને નફો દેખાય છે, સુરતથી નહીં

**વ્યૂહરચના કે મર્યાદાઓ?**

હાલની પરિસ્થિતિમાં કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા થાય છે, શું એરલાઇન્સ પાસે વિમાનોની અછત છે?

શું સ્લોટ ઉપલબ્ધતા મર્યાદિત છે? કે પછી વ્યૂહરચનામાં સુરતને ઓછું મહત્ત્વ અપાઈ રહ્યું છે?

આ મુદ્દાઓ અંગે સ્પષ્ટતા અને પારદર્શિતા જરૂરી બની છે. યોગ્ય આયોજન વિના, સુરત જેવા શહેર માટે વિકાસની ગતિ ધીમી પડી શકે છે.

સુરતઃ દેશનાં ટોપ-10 શહેરોમાં સ્થાન ધરાવતું અને હીરા-ટેક્સટાઈલ ઉદ્યોગનું વૈશ્વિક કેન્દ્ર બનેલું સુરત, હવાઈ સેવાઓના મામલે હજુ પણ તેની ક્ષમતાને અનુરૂપ પ્રગતિ કરી શક્યું નથી. આ મુદ્દો હવે ગંભીર ચર્ચાનો વિષય બની રહ્યો છે.

તાજેતરમાં એર ઈન્ડિયા દ્વારા 15 મે-2026થી દિલ્હી-લુધિયાણા વચ્ચે નવી ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણય વિકાસની દૃષ્ટિએ આવકાર્ય હોવા છતાં, સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભો થાય છે કે લગભગ 80-90 લાખની વસતી ધરાવતા અને ઝડપથી વિકસતા સુરતને હજુ પણ સમાન પ્રાથમિકતા કેમ મળી રહી નથી? કેટલાંક વર્ષો પહેલાં એર ઈન્ડિયા એક્સપ્રેસને સુરતની ફ્લાઈટ ઓપરેશન્સ સોંપવામાં આવ્યા બાદ હાલ સુરતથી મુખ્યત્વે દિલ્હી અને બેંગ્લુરુ જેવા મર્યાદિત રૂટ્સ પર જ સેવાઓ ઉપલબ્ધ છે. શહેરની વ્યાપારી ગતિ અને મુસાફરીની વધતી જરૂરિયાતોને જોતાં આ વિસ્તરણ પૂરતું ગણાય તેમ નથી.

બીજી તરફ, ઈન્ડિગો સુરતથી નોંધપાત્ર સંખ્યામાં ફ્લાઈટ્સ ચલાવી રહી છે અને મોટા ભાગની ફ્લાઈટ્સમાં 80-85% સુધીનો ઉચ્ચ લોડ ફેક્ટર નોંધાઈ રહ્યો છે. આ આંકડો સ્પષ્ટ સૂચવે છે કે માંગ મજબૂત છે અને વધુ રૂટ્સ શરૂ કરવાની પૂરી સંભાવના છે. દેશનાં અન્ય શહેરોએ સક્રિય અનુસરણ અને સંકલન દ્વારા નવી હવાઈ સેવાઓ આકર્ષવામાં સફળતા મેળવી છે. સુરત માટે પણ સ્થાનિક નેતૃત્વ, એરપોર્ટ સત્તાધિકારીઓ અને એરલાઈન્સ વચ્ચે સંકલિત પ્રયાસોની તાતી જરૂર છે.

સુવિધાઓ, પ્રોત્સાહનો અને નીતિગત સહાય દ્વારા એરલાઈન્સને આકર્ષવામાં આવે તો નવા રૂટ્સ શરૂ થવાની શક્યતાઓ વધી શકે છે.

સુરત આજે વૈશ્વિક હીરા પ્રોસેસિંગ અને ટેક્સટાઈલ ઉદ્યોગનું કેન્દ્ર છે. આંતરરાષ્ટ્રીય વેપાર, રોકાણ અને પ્રવાસન માટે મજબૂત હવાઈ જોડાણ અનિવાર્ય બની ગયું છે. શહેરની આર્થિક ક્ષમતાને અનુરૂપ હવાઈ સેવાઓનું વિસ્તરણ હવે સમયની માંગ બની ગઈ છે. આ મુદ્દો સુરતની વાસ્તવિક ક્ષમતાને અનુરૂપ આયોજન અને અમલ સુનિશ્ચિત કરવાનો છે. સંકલિત અભિગમ, દૃઢ નેતૃત્વ અને વ્યૂહાત્મક આયોજન દ્વારા સુરતને તેની યોગ્ય હવાઈ ઓળખ અપાવવી શક્ય છે. જો સમયસર પગલાં લેવામાં આવે, તો આવનારાં વર્ષોમાં સુરત દેશના અગ્રણી એવિએશન હબ તરીકે ઉભરી શકે છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### હવે મનપાને...

ઘટનામાં ફાયર ટેન્ડરોને પાણી રિફિલ કરવા માટે ભીમરાડ કે અલથાણ ન જવું પડે તે માટે ખજોદ નજીક ડ્રીમ સિટીમાં આવેલી 5 લાખ લીટરની ટાંકી પર પંપની વ્યવસ્થા કરી સાઈટ પર જ સતત પાણીનો પુરવઠો મળે તેવી કાયમી વ્યવસ્થા ઉભી કરાઈ છે. ઉનાળાની ગરમીને જોતા સાઈટ પર મિથેન ગેસના કારણે આગ ન લાગે તે માટે સીસીટીવી કેમેરા દ્વારા સતત સુપરવિઝન અને મોનીટરીંગ કરવાની કામગીરી પણ હાલ પ્રગતિ હેઠળ છે.

### QCO રદ...

જણાવ્યા મુજબ ચેમ્બરમાં બહુમતી સભ્યો વિવર્સ હોવાથી ચેમ્બરના કારભારીઓએ 6 સભ્યોની કમિટી બનાવી આગળની કાર્યવાહી કરવા સૂચન કર્યું હતું.એ મુજબ આવતીકાલે ફરી 6 નામોને લઈ મિટિંગ યોજાશે. પોલિએસ્ટર,નાયલોન,વિસ્કોસ અને સ્પેનિઈન્ડેક્સ યાર્ન અંગે DGTR ના ફેકટ ફાઈન્ડિંગ ચુકાદા છતાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરકારમાં કોઈ લેખિત રજૂઆત કેન્દ્રીય નાણા મંત્રી સ્તરે કરવામાં નહીં આવતા વિવિંગ ઉદ્યોગમાં નારાજગી છે.

યુદ્ધની ,એન્ટી ડમ્પિંગ ડ્યુટી અને QCO ની આડમાં સ્પિનર્સ દ્વારા યાર્નના ભાવો આડેધડ વધારવામાં આવતા વિવર્સની હાલત કફોડી થઈ છે.ફીઆસવીના ચેરમેન ભરતભાઈ ગાંધીના નિધન પછી વિવિંગ ઉદ્યોગનો પડઘો દિલ્હી દરબારમાં હવે પડતો નથી. નેતૃત્વના અભાવને લીધે સ્પિનર્સ મનમાની ચલાવી રહ્યાં છે.

જોકે મોડે મોડે વિવિંગ ઉદ્યોગની રજૂઆત પછી ચેમ્બર જાગ્યું છે. એ જોતાં પોલિએસ્ટર મધર યાર્ન અને મોનો યાર્ન પરથી QCO હટાવવા હાઈકોર્ટમાં હવે વળતી લડત આપવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા યાર્ન પર લાગુ QCO ઉઠાવી લેવાના નિર્ણયને ઓરિલોન કંપનીએ એક તરફી ગણાવી તેઓને સાંભળ્યા વિના QCO રદ કરવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.આ યાર્નમાંથી મોનાલિસા, તુર્કી સાટિન, મેટાલિક,સુપર સાટિન, ક્રેઝી 4 ઓર્ગેન્ઝા,જેવી ક્વોલિટી બને છે. ચૂકાદો આવતા જ સ્પિનર્સ દ્વારા 240 પોલિએસ્ટર સેમિડલ અને 240 બ્રાઈટ જેવી ક્વોલિટી પર સીધો 10 રૂપિયા ભાવ વધારી દેવામાં આવ્યો હતો.જેથી સરકારે ટેક્સ્ટાઈલ પેટ્રોલિયમ પ્રોડક્ટ પર આપેલી રાહત ધોવાઈ ગઈ હતી.

સ્પિનર્સ તરફે જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છક સમક્ષ QCO મામલો લિસ્ટેડ કરવામાં આવ્યો હતો.

એડવોકેટ આદિત આર. સંજાણવાલા સ્થાનિક સ્પિનર્સ વતી હાજર રહ્યા હતા અને રજૂઆત કરી હતી કે કેન્દ્ર સરકારે 2023 ના નોટિફિકેશનમાં પોલિએસ્ટર યાર્નની આયાત માટે BIS પ્રમાણપત્ર ફરજિયાત બનાવ્યું હતું. તેમણે વધુમાં દલીલ કરી હતી કે 2025 માં, કેન્દ્ર સરકારે સ્થાનિક ઉદ્યોગને સુનાવણીની કોઈ તક આપ્યા વિના નવી નોટિફિકેશન દ્વારા આ જરૂરિયાત રદ કરી હતી.

### CCTV પ્રોજેક્ટમાં...

પ્રોજેક્ટો ‘પ્રારંભે શુરા’ સમાન જ છે. સુરતીઓના પરસેવાની કમાણીમાંથી આઈકોનિકના નામે આ પ્રોજેક્ટો ઉભા તો કરી દેવામાં આવે છે પરંતુ જે હેતુ માટે આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યા હોય તેવા કોઈ જ હેતુમાં આ પ્રોજેક્ટો કામ લાગતાં નથી. આવો જ એક પ્રોજેક્ટ છે સુરતમાં સીસીટીવી કેમેરા લગાડવાનો. સુરત મહાપાલિકાએ આશરે 50 કરોડથી વધુના ખર્ચે કે જેમાં કરોડોનું મેઈન્ટેનન્સ પણ ઉમેરવાનું રહે તેવા આશરે 7500થી વધુ સીસીટીવી કેમેરા લગાડી દીધા પરંતુ તેનો કોઈ જ હેતુ સર થયો નથી. સુરત પોલીસનો સીસીટીવી કેમેરાનો પ્રોજેક્ટ હતો જ ત્યારે મનપાએ શા માટે કરોડોનો ખર્ચ કર્યો તે જ મોટો કોયડો છે. કરોડો રૂપિયા ખર્ચવા છતાં પણ આ સીસીટીવી કેમેરાનો ઉપયોગ વર્ષે સરેરાશ 7 હજાર અને રોજના રોકડા 20 જ લોકોને દંડવા પુરતો જ સિમિત રહ્યો છે. હાલમાં સુરત મહાપાલિકાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે મતદારોને તક છે કે તેઓ મત માંગવા માટે આવતા પોતાના ભાવિ કોર્પોરેટરોને પુછે કે જ્યારે કરોડો રૂપિયા ખર્ચો છો તો પછી તેનો ઉપયોગ કેમ થતો નથી? કરોડો રૂપિયા પ્રોજેક્ટના નામે કેમ વેડફી નાંખવામાં આવ્યા? શું આ પ્રોજેક્ટના હેતુ સિદ્ધ થયાં?. આ તો એક પ્રોજેક્ટ છે પરંતુ સુરત મહાપાલિકાની ચૂંટાયેલી પાંખ દ્વારા આવા આઈકોનિક તરીકે ઓળખાવાયેલા અને બાદમાં કરોડોના ખર્ચ પછી પણ કામે નહીં લાગેલા અનેક પ્રોજેક્ટો છે.

### મતદારો મત...

પરંતુ આ કેમેરામાં દેખાતું નથી.

- **દબાણો હટાવવાઃ** આખા શહેરમાં જો કોઈ સૌથી મોટી સમસ્યા હોય તો તે દબાણોની છે. ખાણી-પીણીની લારીઓ અને ફેરિયા-પાથરણાવાળાઓએ શહેરને ચક્રવ્યુહમાં ફેરવી નાખ્યું છે. વાહન લઈને નીકળ્યા બાદ સુરતમાં આ ચક્રવ્યુહમાંથી બહાર નીકળવું ખુબ જ અઘરૂં છે. દબાણો ક્યાંય હટતાં જ નથી. રાજમાર્ગ જેવા રોડ પર પણ દબાણોનું જે સામ્રાજ્ય છે તેને મનપાની ચૂંટાયેલી પાંખ ભેદી શક્યું નથી. પ્રાઈમ આર્કેડ પાસેના દબાણો જાણે નદી પાર કરવા જેવા દુષ્કર છે. બીજા વિસ્તારોની તો હાલત તેનાથી પણ ખરાબ છે ત્યારે સીસીટીવી કેમેરામાં મહાપાલિકા શું જુએ છે તે જ ખબર પડે તેમ નથી!
- **ખાડાઓ પુરવાઃ** સુરતમાં ચોમાસામાં તો એવી હાલત થાય છે કે રસ્તામાં ખાડો છે કે ખાડામાં રસ્તો છે તે જ સમજ પડે તેમ નથી. ચોમાસામાં પડેલા ખાડાઓ ચાર-ચાર મહિના સુધી પુરાતા નથી. ખાડામાં વાહન પડતાં મોત થવાની ઘટનાઓ પણ બને છે પરંતુ સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાંઠિયા સમાન જ છે.
- **રસ્તાઓની જાળવણીઃ** સુરતમાં રસ્તાઓની એવી હાલત છે કે જાણે તેનું કોઈ ધણીધોરી જ નથી. ચોમાસામાં રસ્તાઓ તૂટે પરંતુ અન્ય સિઝનમાં પણ રસ્તાઓ તૂટે? ઉપરથી અણઘડ રીતે રસ્તા પર એવા પેચ મારવામાં આવે કે વાહન ઉછળ્યા વિના સીધું ચાલી જ શકે નહીં. રસ્તાઓને કાર્પેટ કરવાના નામે માત્ર વેઠ જ ઉતારવામાં આવે છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે આઈસીસીસીની વિશાળ વોલ પર પણ આ રસ્તાઓની હાલત દેખાતી નથી?

### સુરતમાં છેલ્લા...

નથી. સુરત મહાપાલિકામાં હાલમાં 120 કોર્પોરિટર છે પરંતુ આ 120 કોર્પોરિટરોમાં તમામ હિન્દુ જ છે. સુરતમાં હાલમાં અનેક વિસ્તારો પારસી આગેવાનોના નામથી જ ઓળખાય છે. સુરતમાં હાલમાં આશરે 3700 જેટલા પારસીઓ વસે છે. પારસીઓનું અનેક ક્ષેત્રે મોટું યોગદાન છે પરંતુ છેલ્લે સને 1980માં યોજાયેલી સુરત મહાપાલિકાની ચૂંટણીમાં રાંદેરમાંથી પારસી કોર્પોરિટર તરીકે કોંગ્રેસમાંથી ફરામરોશ પસ્તાગીયા ચુંટાયા હતા. આ ટર્મને જે તે સમયે રાજ્ય સરકારે એક વર્ષ લંબાવી હતી. જેથી 1986માં ટર્મ પુરી થયા બાદ પસ્તાગીયાને ટિકીટ મળી નહોતી અને ત્યારથી શરૂ કરીને આજ સુધી એકપણ રાજકીય પક્ષમાંથી એકપણ પારસી કોર્પોરિટર તરીકે ચુંટાયા નથી.

ખ્રિસ્તી સમાજમાંથી પણ સને 1980ની સુરત મનપાની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી ડો. જ્યોર્જ સોલંકી ચૂંટાયા હતા. બાદમાં બીજી ટર્મમાં ડો. સોલંકી સુરતના મેયર તરીકે પણ પસંદગી પામ્યા હતા. કોમી રમખાણોને કારણે સુરત મહાપાલિકાના કોર્પોરિટરોની ટર્મ એક વર્ષ લંબાવવામાં આવી હતી. જોકે, બાદમાં જ્યારે 1993માં તેમની બીજી ટર્મ પુરી થઈ ત્યારથી શરૂ કરીને આજ સુધી કોંગ્રેસ કહો કે ભાજપ, કે પછી અન્ય કોઈપક્ષ, એકપણ ખ્રિસ્તી આગેવાન કોર્પોરિટર તરીકે ચુંટાયો નથી. આજ રીતે સુરતમાં વ્હોરા સમાજની પણ ખુબ મોટી વસ્તી છે. છતાં વર્ષ 2005થી 2010 સુધી કોંગ્રેસમાંથી ફાતિમા ચન્નીવાલા વ્હોરા સમાજમાંથી કોર્પોરિટર તરીકે ચુંટાયા હતા. ત્યારબાદ એકપણ વ્હોરા આગેવાન કોઈપણ પક્ષમાંથી સુરત મહાપાલિકામાં કોર્પોરિટર બન્યા નથી.

આ જ રીતે સુરત મહાપાલિકામાં પાંચ વર્ષથી એકપણ મુસ્લિમ કોર્પોરિટર પણ નથી. છેલ્લે વર્ષ 2016માં કોંગ્રેસમાંથી મુસ્લિમ કોર્પોરિટર તરીકે અસલમ સાયકલવાળા, ઈકબાલ બેલિમ, ઈમરાન સોલંકી અને રૂખસાના જુમ્મા મુસ્લિમ કોર્પોરિટર તરીકે ચુંટાયા હતા પરંતુ વર્ષ 2021માં જ્યારે સુરત મહાપાલિકાની ચૂંટણી થઈ ત્યારે મુસ્લિમોનું પ્રતિનિધિત્વ પણ સુરત મહાપાલિકામાંથી નાબુદ થઈ ગયું હતું. એકપણ મુસ્લિમ આગેવાન કોર્પોરિટર બન્યો નહોતો. હવે ફરી 2026ની સુરત મહાપાલિકાની ચૂંટણી ચાલી રહી છે. વિવિધ સમાજના આગેવાનોને રાજકીય પક્ષોમાંથી ચૂંટણી લડવાની તક મળશે. બની શકે છે કે આ વખતની ચૂંટણીમાં કોઈ મુસ્લિમ કોર્પોરિટર બને પરંતુ પારસી, ખ્રિસ્તી અને વ્હોરા સમાજમાંથી આ વખતે પણ કોઈ કોર્પોરિટર જોવા મળે તેવી સંભાવના નથી તે હકીકત છે.